# ન્યુ જર્સીના મતદારોના બિલ ઓફ રાઇટ્સ

## 06/10/25 પ્રાથમિક ચૂંટણીનો દિવસ

**મતદાન સવારે 6 વાગ્યાથી - સાંજે 8 વાગ્યા સુધી ચાલુ છે.**

**પ્રાથમિક ચૂંટણી માટે વ્યક્તિગત રીતે વહેલા મતદાનનો સમયગાળો, 06/03/25-06/08/25**
**મંગળવાર-શનિવાર, સવારે 10:00 - સાંજે 8:00 અને રવિવાર, સવારે 10:00 - સાંજે 6:00 વાગ્યા સુધી**

**1-877-NJ-Voter (1-877-658-6837) Vote.NJ.Gov**

## મતદાન સ્થળોએ નમૂનાના મતપત્રો

ચૂંટણીના દિવસે મતદાન સ્થળે નમૂનાના મતપત્રો ઉપલબ્ધ થશે. નમૂનાનું મતપત્ર સત્તાવાર મતપત્રની શક્ય તેટલું શક્ય બને તેટલી આબેહુબ પ્રતિકૃતિ હશે અને તેના પર આ છાપવામાં આવશે:

- ચૂંટણી જીલ્લાની સંખ્યા
- મતદાન સ્થળનો વિસ્તાર
- ચૂંટણીના કલાકો
- ચૂંટણીની તારીખ
- અપંગ લોકો માટે મતદાન સ્થળ સુલભ છે કે કેમ તેનો સંકેત. જો સુલભ ન હોય તો, નમૂનાના મતપત્રમાં મેઇલ બેલેટ દ્વારા વોટની ઉપલબ્ધતાને દર્શાવવી આવશ્યક છે
- મતદાતા કેવી રીતે મતદારના બિલ ઓફ રાઇટ્સ મેળવી શકે છે અથવા જોઈ શકે છે તે વિશેની માહિતી

## મતદાન મશીન

**તમે મતદાન મશીન પર મત આપી શકો છો જો:**

- મતદાતાની નોંધણી માટેની તમારી સંપૂર્ણ માહિતી મતદાન બુકમાં છે;
- તમે હાલમાં ચૂંટણીના જિલ્લામાં રહો છો અથવા આ ચૂંટણી માટેની નોંધણી બંધ થયા પછી કાઉન્ટીની બહાર ગયા છો (ત્યારબાદ તમારે તમારી નવી કાઉન્ટીમાં નોંધણી કરાવવી આવશ્યક છે); અને
- તમારા મત આપવાના અધિકાર પર કોઈ સફળ પડકારો નથી.

**મતદાન મશીન પર**

- તમને ખાનગીમાં મત આપવાનો અધિકાર છે;
- તમને મત આપવા માટે મદદ કરવા મતદાન મથકોમાં મતદાન સામગ્રી (જેમ કે સેમ્પલ બેલેટ, પરંતુ કોઈ ઝુંબેશની સામગ્રી નહીં) લાવો;
- તમારો મત આપવા માટે એક “વાજબી” સમય.

મતદાન મથક પર મતદાન મશીનનો ઉપયોગ કરવા માટેની સૂચનાઓ ઉપલબ્ધ છે. જો તમે તેમને જોઈ શકતા ન હોય, તો બોર્ડના કોઈપણ કાર્યકરને પૂછો.

**મતદાન મશીન પર સહાય**

- જો તમે અંધ, અપંગ અથવા મશીન પર મતપત્ર વાંચી શકતા ન હોય, તો તમારી પસંદગીની કોઈ પણ વ્યક્તિને તમે મતદાન મશીન પર મદદ માટે બોલાવી શકો છો. તમે તમારા એમ્પ્લોયર અથવા યુનિયનના પ્રતિનિધિની મદદ લઈ શકતા નથી.
- જો તમે એકલા હોય અને સહાય માટે હકદાર હોય, તો વિરોધી રાજકીય પક્ષોના બે બોર્ડ વર્કર્સ તમને મદદ કરી શકે છે. તમને બંને વર્કર્સ અથવા એક વર્કર કરે તે અધિકાર તમારો છે - તે તમારી પસંદગી છે.
- તમે મતદાન મશીનનો ઉપયોગ કરી શકો તે પહેલાં ડિસ્ટ્રિક્ટ બોર્ડના વર્કર્સ પહેલા તમારા માટે અપંગતાનું પ્રમાણપત્ર ભરે તે જરૂરી છે.

**મત આપવા માટે લાઇનમાં ઉભા રહેવું:** જો મતદાન સમાપ્ત થવાના સમયે તમે મત આપવા માટે લાઇનમાં હોય, તો તમેન મત આપવાની મંજૂરી મળવી જોઈએ.

**ઇમરજન્સી બેલેટ:** જો મતદાન મશીન કામ કરતું ન હોય, તો મતદાન સ્થળ છોડશો નહીં. બોર્ડ વર્કર તમને પેપર ઇમરજન્સી બેલેટ આપશે જો તમારાથી તમારૂં મતપત્રક બગડી જાય, તો તમને બોર્ડના વર્કર પાસેથી બીજું મતપત્ર માંગવાનો અધિકાર છે.

## પ્રથમ વખત મત આપતા મતદાર

નીચેના સંકેતો દરેક મતદાન સ્થળે ઉપલબ્ધ થશે:

- અંદરના કોરિડોરમાં નિશાનીઓ મતદારોને મતદાન ખંડના સ્થાન પર જવાનો માર્ગ દર્શાવે છે
- ચૂંટણી જિલ્લા માટે ત્રણ નમૂના મતપત્રો, મતદાન ખંડની દિવાલ પર મુકવામાં આવ્યા છે
- વોટર બિલ ઓફ રાઇટ્સ, દિવાલ પર લગાવેલ છે
- મતદાન મશીનની નજીકમાં મતદાન મશીન સૂચનો

## આઈડીની જરૂરીયાતો

**અમુક “આઈડીની જરૂર ધરાવતા” મતદારો**

નીચે આપેલા મતદારોએ મતદાન સ્થળ પર આઈડી બતાવવી પડશે::

- જો તમે 1 જાન્યુઆરી, 2003 પછી આ કાઉન્ટીમાં મેલ દ્વારા મત આપવા માટે નોંધણી કરાવી હોય, અને કાઉન્ટીની ફેડરલ ચૂંટણીમાં ક્યારેય મત આપ્યો ન હોય, તો તમારે ઓળખ પ્રદાન કરવાની જરૂર પડશે. જો તમે મતદાન સ્થળ પર પ્રથમ વખત મતદાન કરતા પહેલા ઓળખ પ્રદાન કરી ન હોય, તો તમારે આજે બોર્ડ વર્કર્સને ઓળખ બતાવવી આવશ્યક છે; અથવા
- તમે ન્યુ જર્સી મતદાર રજિસ્ટ્રેશન ફોર્મનો વિભાગ 5 (વિભાગ 5 માં ડ્રાઇવર્સ લાઇસન્સ #, જો તમારી પાસે ડ્રાઇવરનું લાઇસન્સ ન હોય તો સોશિયલ સિક્યુરીટી નંબરના છેલ્લા 4 અંકો જરૂરી છે, અથવા એક પુષ્ટિ જો તમારી પાસે બન્ને નંબરોના સેટમાંથી એકપણ ન હોય) ભરેલ ન હોય, અને તમે આવી માહિતી માટેની વિનંતીનો જવાબ આપ્યો ન હોય તો, તમારે આજે બોર્ડ વર્કર્સને ઓળખ બતાવવી આવશ્યક છે; અથવા
- તમે એક મેઇલ-ઇન રજિસ્ટ્રન્ટ હોય અને તમારૂં ડ્રાઇવર્સ લાઈસન્સ નંબર અથવા તમારા સોશિયલ સિક્યુરીટી નંબરના છેલ્લા ચાર અંકો પ્રદાન કર્યા હોય, પરંતુ નંબર્સ ચકાસી શકાયા ન હોય તો, તમારે આજે બોર્ડના વર્કર્સને ઓળખ બતાવવી આવશ્યક છે.

જો તમે બોર્ડના વર્કર્સને કોઈ ઓળખ ન બતાવો, તો તમે મતદાન મશીન પર મત આપી શકતા નથી. તમારે કામચલાઉ પેપર બેલેટથી મત આપવાનો રહેશે.

ઓળખના દસ્તાવેજમાં આ શામેલ હોઈ શકે છે, **પરંતુ તેટલા સુધી મર્યાદિત નથી:**

- કોઈપણ માન્ય અને વર્તમાન ફોટો આઈડી:
  - એનજે ડ્રાઇવર્સ લાઇસન્સ
  - લશ્કરી અથવા અન્ય સરકારી આઈડી
  - વિદ્યાર્થી અથવા જોબ આઈડી
  - સ્ટોર સભ્યપદ કાર્ડ, અથવા,

તમારા નામ અને સરનામાં સાથેનો કોઈપણ વર્તમાન દસ્તાવેજ, જેમાં શામેલ છે **પરંતુ તેટલા સુધી મર્યાદિત નથી:**

- બેંક સ્ટેટમેન્ટ
- કાર નોંધણી
- બેલેટનો નમૂનો
- વપરાશનું બિલ
- પે ચેક
- ભાડાની પહોંચ
- સરકારી ચેક અથવા દસ્તાવેજ
- નોન-ફોટો એનજે ડ્રાઇવર્સ લાઇસન્સ

**1-877-NJ-Voter**
**(1-877-658-6837)**
**Vote.NJ.Gov**

## મેઇલ દ્વારા મત આપો

મત દ્વારા મેઇલ અરજી તમારી કાઉન્ટી ક્લાર્કની ઓફિસમાં મોકલવી જરૂરી છે. જો તમે તેને તમારા કાઉન્ટી ક્લાર્કને મેઇલ કરો છો, તો તેને ચૂંટણીના ઓછામાં ઓછા 7 દિવસ પહેલાં ત્યાં પહોંચી જાય છે. તે દિવસ પછી, તમારે રૂબરૂમાં કાઉન્ટી ક્લાર્કની ઓફિસ પર અરજી પહોંચાડવી આવશ્યક છે. ચૂંટણીના આગલા દિવસે બપોરના 3 વાગ્યા સુધી ક્લાર્ક દ્વારા બેલેટ ઈશ્યુ કરી શકાય છે.

જ્યાં સુધી તમે લેખિતમાં અન્યથા વિનંતી ન કરો ત્યાં સુધી તમે ભવિષ્યની બધી ચૂંટણીઓ માટે ટપાલથી મતપત્ર દ્વારા મતદાન માટે વિનંતી કરી શકો છો. જો તમે સતત ચાર વર્ષ સુધી ટપાલ દ્વારા મતદાન નહીં કરો, તો તમને ભવિષ્યની ચૂંટણીઓ માટે ટપાલથી મતદાન કરવા મતપત્ર આપવામાં આવશે નહીં. તમને ફેરફારની લેખિતમાં જાણ કરવામાં આવશે.

ઉપરાંત, કોઈપણ મતદાતા કે જે કોઈ પણ એક ચૂંટણીમાં ટપાલ દ્વારા મત આપવા માંગે છે, તે મતદાતા તે ચૂંટણી માટે મતપત્રક મેળવવા વિનંતી કરી શકે છે.

**અધિકૃત મેસેંજર પ્રક્રિયા**

કોઈપણ મતદાર બેલટ મેળવવા માટે અન્ય વ્યક્તિને તેના અધિકૃત મેસેંજર તરીકે કાઉન્ટી ક્લાર્કની ઓફિસમાં જવા માટે કહી શકે છે.

- અરજીની નીચે, તમારે તે વ્યક્તિનું નામ લખવું જરૂરી છે કે જેને તમે તમારા અધિકૃત મેસેંજર તરીકે પસંદ કરો છો.
- તમારી પરવાનગી વિના કોઈ પણ તમારા અધિકૃત મેસેંજર હોઈ શકે નહીં.
- અધિકૃત મેસેંજર મતદાર અથવા કાઉન્ટીના નોંધાયેલા મતદારનો કુટુંબ સભ્ય હોવો આવશ્યક છે.
- કોઈ પણ વ્યક્તિ ચૂંટણીમાં ત્રણથી વધુ લાયક મતદારો માટે અધિકૃત મેસેંજર હોઈ શકે નહીં, સિવાય કે, જો તે મતદારો મેસેંજર જે ઘરમાં રહે છે તે જ ઘરના તરતના કુટુંબના સભ્યો હોય તો, અધિકૃત મેસેંજર ચૂંટણીમાં પાંચ જેટલા લાયક મતદારો માટે સેવા આપી શકે.
- ચૂંટણીમાં કોઈ પણ ઉમેદવાર કે જેના માટે તમે મેઇલ બેલેટ દ્વારા વોટ માટે વિનંતી કરી રહ્યાં છો તે અધિકૃત મેસેંજર બની શકે નહીં.

**બેરર પ્રક્રિયા**

કોઈપણ મતદાર યોગ્ય ચૂંટણી બોર્ડની ઓફિસમાં બેલટ પાછું આપવા કોઈને તેમનો અનુચર બનવા માટે જણાવી શકે છે.

- તમારા બેલટના પરત પરબિડીયા પર, અનુચરે પ્રમાણપત્ર પર સહી કરવાની રહેશે જેમાં જણાવવાનું રહેશે કે તેને મતદાર સીધો મતદાર અને અન્ય કોઈ વ્યક્તિ પાસેથી મળ્યો નથી અને તે યોગ્ય ચૂંટણી બોર્ડની ઓફિસમાં મતદાન પહોંચાડવા માટે અધિકૃત છે.
- તમારી પરવાનગી વિના કોઈ પણ અનુચર બની શકે નહીં.
- કોઈ પણ વ્યક્તિ ચૂંટણીમાં ત્રણથી વધુ લાયક મતદારો માટે અનુચર બની શકે નહીં, સિવાય કે, જો તે મતદારો અનુચર જે ઘરમાં રહે છે તે જ ઘરના તરતના કુટુંબના સભ્યો હોય તો, અનુચર ચૂંટણીમાં પાંચ જેટલા લાયક મતદારો માટે સેવા આપી શકે.
- ચૂંટણીમાં કોઈ પણ ઉમેદવાર કે જેના માટે તમે મેઇલ બેલેટ દ્વારા વોટ માટે વિનંતી કરી રહ્યાં છો તે અનુચર બની શકે નહીં.

**મારી બેલટ પ્રક્રિયાને ટ્રેક કરો**

મતદારો તેમના પ્રોવિઝનલને ટ્રેક કરી શકે છે અને તેમના એનજે વોટર ઈન્ફર્મેશન સિસ્ટમ એકાઉન્ટ દ્વારા મેઇલ બેલેટ દ્વારા મત આપી શકે છે કૃપા કરીને TrackMyBallot.nj.gov ની મુલાકાત લો. પ્રથમ વખત વપરાશકર્તાઓએ એક એકાઉન્ટ બનાવવું પડશે અને મતદાર નોંધણીની સ્થિતિને માન્ય કરવા માટે ક્યાં તો ડ્રાઇવર્સ લાઇસન્સ નંબર, એસએસએનના છેલ્લા 4 અંકો અથવા મતદાર આઈડી નંબરની જરૂર પડશે. (જો તમે તમારો મતદાર આઈડી નંબર જાણતા ન હોય, તો તમારૂં "વોટર આઈડી" મેળવવા માટે “વોટર સર્ચ” ટૂલનો ઉપયોગ અહીં કરો: https://voter.svrs.nj.gov/registration-check. જો તમે “વોટર સર્ચ” ટૂલનો ઉપયોગ કરીને તમારી મતદાર આઈડી મેળવી શકતા ન હોય, તો કૃપા કરીને તમારા ચૂંટણી અધિક્ષક અથવા નોંધણી કમિશનરનો સંપર્ક કરો.)

## પ્રોવિઝનલ બેલટ મતદાન

**તમારે પ્રોવિઝનલ બેલેટ દ્વારા મત આપવો આવશ્યક છે જો:**

- તમે કાઉન્ટીમાં નોંધાયેલા મતદાતા હોય કે જેઓએ કાઉન્ટીની અંદર સ્થળાંતર કર્યું હોય અને તમારા વર્તમાન સરનામાં અંગે ચૂંટણીના દિવસ પહેલાં કાઉન્ટી કમિશનર રજિસ્ટ્રિશનને જાણ ન કરી હોય; અથવા
- પોલ બુકમાં તમારી નોંધણીની માહિતી પૂર્ણ ન કરી હોય, ઉદાહરણ તરીકે તમારી સહી અથવા સરનામું ખૂટતું હોય; અથવા
- તમે ઓળખની માહિતી પ્રદાન કરી ન હોય તેવા એક "એકટીવ નીડ આઈડી" અથવા "ઈનેકટીવ નીડ આઈડી" મતદાર હોય (આઈડી આવશ્યકતાઓનો વિભાગ જુઓ). આ પ્રોવિઝનલ બેલેટની ગણતરી માટે, ચૂંટણી પછી બીજા દિવસે તમારા નજીકના વ્યવસાય દ્વારા તમારી આઈડીની એક નકલ તમારા કાઉન્ટી કમિશનર રજિસ્ટ્રેશનને સબમિટ કરવાની રહેશે; અથવા
- પોલ બુકમાં એક નિશાની હોય કે તમે મેલ બેલેટ દ્વારા મત આપવા માટે અરજી કરી હતી, પરંતુ તમે બોર્ડ વર્કરને કહો છો કે તમે મેલ બેલેટ દ્વારા મત આપવા માટે અરજી કરી નથી, તમે મેઇલ બેtલેટ દ્વારા વોટ માટે અરજી કરી હતી, પરંતુ તમને બેલેટ પ્રાપ્ત થયું નથી અથવા તમને મેલ બેલેટ મળ્યું હતું પરંતુ તમે તેને પરત કર્યું નથી.

**પ્રોવિઝનલ બેલેટ દ્વારા કેવી રીતે મત આપવો:**

- બોર્ડ વર્કર તમને પેપર બેલેટ અને એક પરબિડીયું આપશે.
- બોર્ડ વર્કરે તમને ગુપ્ત રીતે બેલેટ પર મતદાન કરવા માટે એક સ્થળ પ્રદાન કરવું આવશ્યક છે.
- પરબિડીયામાં મત આપેલ બેલેટ મૂકો અને તેને સીલ કરો.
- પરબિડીયા સાથે જોડાયેલ “પુષ્ટિ વિધાન” પૂર્ણ કરો અને સહી કરો. પુષ્ટિ વિધાનને અલગ કરશો નહીં

જો તમે સમર્થન વિધાન પર હસ્તાક્ષર કરશો નહીં, તો તમારા બેલટની ગણતરી કરવામાં આવશે નહીં.

- પરબિડીયું બોર્ડ વર્કરને આપો.
- બોર્ડ વર્કર પ્રોવિઝનલ બેલેટ બેગમાં પરબિડીયું મૂકે છે કે નહીં તે જુઓ, અથવા તમે તમારી જાતે બેગમાં બેલેટ મૂકી શકો છો.
- જો તમારાથી તમારૂં મતપત્રક બગડી જાય, તો તમને બોર્ડ વર્કર પાસેથી બીજું મતપત્ર માંગવાનો અધિકાર છે.

મતદાન સ્થળે કોઈ પ્રોવિઝનલ બેલેટની ગણતરી કરવામાં આવતી નથી. કાઉન્ટી બોર્ડ ઓફ ઇલેક્શન દ્વારા ચકાસણી અને ગણતરી માટે મતદાન બંધ થયા પછી, તમામ પ્રોવિઝનલ બેલેટને રજિસ્ટ્રેશન કચેરીના કાઉન્ટી કમિશનર પાસે લઈ જવામાં આવે છે.

ચૂંટણી પછી, તમે અહીં તમારા મતપત્રની સ્થિતિ ચકાસી શકો છો: https://trackmyballot.nj.gov, અથવા તમે 1-877-NJ-VOTER (1-877- 658-6837) પર કોલ કરી શકો છો. જો તમારા બેલટની ગણતરી કરવામાં આવી ન હોય, તો તમે તેને શા માટે નકારી કાઢવામાં આવ્યું તેનું કારણ જાણી શકો છો.

## વધારાની મતપત્ર માહિતી

દરેક માન્ય મતપત્રની ગણતરી કરવામાં આવે છે અને તે અનામી હોય છે.

મેઈલ દ્વારા તમારો મત યોગ્ય ગણાય તેની ખાતરી કરવા માટે, જ્યારે તમે તમારો મત મેઈલ બેલેટ દ્વારા પરત કરો ત્યારે અંદરના પરબિડિયા સાથે જોડાયેલા પ્રમાણપત્ર પર સહી કરવાનું સુનિશ્ચિત કરો. જો તમે તમારો મતપત્ર મોકલવા જઈ રહ્યા છો, તો તે ચૂંટણીના દિવસે અથવા તે પહેલાં, 10 જૂન 2025, સુધીમાં પોસ્ટમાર્ક હોવું આવશ્યક છે અને તમારા કાઉન્ટી બોર્ડ ઓફ ઇલેક્શનને 16 જૂન 2025 સુધી સાંજે 8 વાગ્યા સુધીમાં પ્રાપ્ત થવું જરૂરી છે. જો તમને ખાતરી ન હોય કે તમારો મતપત્ર સમયસર પહોંચશે કે નહીં, તો તમે તેને કાઉન્ટી બોર્ડ ઓફ ઈલેક્શન્સ અથવા કાઉન્ટીના અધિકૃત મતપત્ર ડ્રોપ બોક્સમાંથી કોઈ પણ એકમાં વ્યક્તિગત રીતે રૂબરૂમાં આપી શકો છો. ડ્રોપ-ઓફ સ્થાનો માટે તમારા બોર્ડ ઓફ ઈલેક્શન્સનો સંપર્ક કરો. જો તમે વ્યક્તિગત રીતે તમારો મતપત્ર આપો છો, તો તે તમારા કાઉન્ટી બોર્ડ ઓફ ઇલેક્શનને ચૂંટણીના દિવસે, 10 જૂન 2025 ના રોજ સાંજે 8 વાગ્યા સુધીમાં પ્રાપ્ત થઈ જવો જોઈએ.

## વધારાની બેલટ માહિતી

જો તમારો બેલટ ખોવાઈ જવાના અથવા સહી મેળ ખાતી ન હોવાના કારણે નામંજૂર થયો હોય, તો મતદાન નામંજૂર થયાના 24 કલાકમાં તમારી કાઉન્ટીની ચૂંટણી ઓફિસ દ્વારા નોટિસ ઈશ્યુ કરવામાં આવશે. સુધારેલું ફોર્મ પરત કરવા માટે અને તમારા બેલટને સ્વીકાર્ય બનાવવા માટે પરિણામોના પ્રમાણપત્રના પહેલાં તમારી પાસે 48 કલાક રહેશે.

તમારો બેલટ ખોવાઈ જવાના અથવા સહી મેળ ખાતી ન હોવાના કારણે નામંજૂર થયેલા બેલટને રૂબરૂમાં, ફેક્સ દ્વારા, અથવા ચૂંટણીના પરિણામોને પ્રમાણિત કરવાના 48 કલાક પહેલાચૂંટણી કાઉન્ટી બોર્ડને ઈ-મેલ દ્વારા સુધારી શકો છો.

હસ્તાક્ષરની ખામીને દૂર કરવા માટે તમારે ઓળખ દસ્તાવેજ અથવા તેની નકલ કોઈપણ હાર્ડ કોપીના સ્વરૂપમાં સબમિટ કરવાની જરૂર નથી. તમે તમારી બેલેટ સહીની ખામીને તમે બેલેટ સબમિટ કર્યું છે તેવું જાહેર કરીને અને તમારી ઓળખની ચકાસણી આ રીતે કરીને દૂર કરી શકો છો: (એ) માન્ય ન્યુ જર્સી ડ્રાઇવર્સ લાઇસન્સ નંબર અથવા મોટર વ્હીકલ કમિશન નોન-ડ્રાઇવર ઓળખ નંબર પૂરો પાડીને; અથવા (બી) જો તમારી પાસે માન્ય ન્યુ જર્સી ડ્રાઇવર્સ લાઇસન્સ નંબર અથવા મોટર વ્હીકલ કમિશન નોન-ડ્રાઇવર ઓળખ નંબર ન હોય, તો તમારા સોશિયલ સિક્યુરીટી નંબરના છેલ્લા ચાર અંકો પૂરા પાડીને; અથવા (સી) જો તમારી પાસે (એ) અથવા (બી) તમારું નામ અને સરનામું, એક સત્તાવાર ફેડરલ, રાજ્ય, કાઉન્ટી દર્શાવતું સાદું બેલટ અથવા તમારું નામ અને સરનામું દર્શાવતો મ્યુનિસિપલ દસ્તાવેજ અથવા તમારું નામ અને સરનામાં દર્શાવતી યુટિલિટી બિલ, ટેલિફોન બિલ અથવા કર અથવા ભાડાની રસીદ સહિતની ન્યુ જર્સી રાજ્ય દ્વારા માન્યતા પ્રાપ્ત ઓળખની સુવાચ્ય નકલ જોડીને; અને (ડી) સુધારા ફોર્મ પરત આપતા પહેલા તેના સહી કરીને અને તારીખ લખીને.

## ફરિયાદો

જો તમને આ મતદાન સ્થળે ચૂંટણીના સંચાલન અંગે ફરિયાદ હોય તો ફરિયાદ ફોર્મ ઉપલબ્ધ છે. ફોર્મ માટે કોઈ પણ બોર્ડ વર્કરને પૂછો.

## ચૂંટણીના ગુના

કૃપા કરીને સલાહ આપવામાં આવે છે કે કાયદા દ્વારા પૂરા પાડવામાં આવ્યા મુજબ, કાઉન્ટી બોર્ડ દ્વારા આપવામાં આવેલ બેજ સિવાય, કોઈપણ પ્રાથમિક, સામાન્ય અથવા વિશેષ ચૂંટણીના દિવસે અથવા કોઈપણ કમિશન સરકારી ચૂંટણીના દિવસે, મતદાન સ્થળ અથવા રૂમના સો ફુટ અથવા તેની અંદર કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર મતપત્ર પર સાથે સંકળાયેલ કોઈપણ રાજકીય અથવા પ્રચાર સૂત્ર, બેજ, બટન અથવા અન્ય વિશેષ ચિહ્ન પહેરશે, પ્રદર્શિત કરશે, વેચશે, આપશે અથવા પ્રદાન કરશે નહીં.

આમાં રાજકીય પક્ષ, પ્રચાર, ઉમેદવાર અથવા કોઈ પણ રાજકીય પક્ષ અથવા અભિયાન અથવા ઉમેદવારનું મતપત્ર પર પ્રતિનિધિત્વ કરતા ત્રાહિત પક્ષો અને વિક્રેતાઓ દ્વારા સીધી વેચાતી વેપારની સામગ્રી જેવા કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવારના મતપત્ર પર ઝુંબેશનાં નારાઓ, લોગોઝ અથવા નિરૂપણ અથવા રજૂઆતોને દર્શાવતો કોઈપણ રાજકીય હેતુનો સમાવેશ થાય છે.

આ જોગવાઈઓમાંથી કોઈપણનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ અશિસ્ત વ્યક્તિઓના ગુના માટે દોષી છે અને પરિસરમાં પરવાનગી આપવામાં આવશે નહીં અને માત્ર પ્રતિબંધિત રાજકીય ઈન્સિનીયાને દૂર કર્યા પછી જ મત આપવા પરત ફરી શકે છે.

- **ચુંટણી પ્રચાર** - મતદાન ખંડ સુધી અને સહિત, મતદાન સ્થળની બહારના પ્રવેશદ્વારની 100 ફૂટની અંદર ચૂંટણીનો પ્રચાર કરવો એ રાજ્યના કાયદા હેઠળનો ગુનો છે. આ ક્ષેત્રમાં કોઈ ઝુંબેશના સંકેતો અથવા સામગ્રી હોઈ શકતી નથી અને કોઈ પણ વ્યક્તિ ઉમેદવાર અથવા જાહેર પ્રશ્નના વતી ચૂંટણી પ્રચાર કરી શકશે નહીં.
- **છેતરપીંડીયુક્ત મતદાન** - તમને મત આપવાનો અધિકાર નથી તેવું જાણીને અથવા મત આપવા માટે નોંધણી કરાવતી વખતે ખોટી માહિતી આપીને મત આપવાનો પ્રયાસ કરવો કે અથવા મતદાન કરવું તે ફેડરલ અને રાજ્યના કાયદા હેઠળ ગુનો છે. તમને ચૂંટણીમાં એક કરતા વધારે વાર મત આપવાની મંજૂરી નથી.
- **કાવતરું** - મતદાતાઓને ન્યાયી ચૂંટણીથી વંચિત રાખવાનું ષડયંત્ર રચવું એ એક સંઘીય ગુનો છે. જો કોઈ તમને સતાવે અથવા તમારા મત આપવાના અધિકારમાં અયોગ્ય રીતે દખલ કરે, તો બોર્ડ વર્કરને મદદ માટે જણાવો.

## ચેલેન્જરે શું કરવું અને શું ન કરવું

**ચેલેન્જર આ કરી શકે છે:**

- મતદાન શરૂ થયાના બે કલાક પછી, અને ત્યારબાદ દર બે કલાકથી વધુ નહીં તેટલા સમયમાં, કેટલા મતદારોએ મતદાન કર્યું છે તેની સત્તાવાર ગણતરી માટે જિલ્લા બોર્ડને પૂછો, અને જિલ્લા બોર્ડ મતદાન શરૂ થયાના બે કલાક પછી, અને ત્યારબાદ દર બે કલાકો કરતા વધુ નહીં તેટલા સમયમાં, મતદાન કરનારા કુલ મતદારોની સંખ્યાની સત્તાવાર ગણતરીવાળી એક સૂચના દર્શાવશે.
- જો ચેલેન્જર માનતો હોય કે મતદાતા મત આપવા માટે લાયક નથી, તો મતદારને પડકારો. મત આપવા માટે વ્યક્તિ આ પાત્રતા ધરાવતી હોવી જોઇએ: યુનાઇટેડ સ્ટેટ્સની નાગરિક, મતદાન માટે નોંધાયેલ, 18 વર્ષ કે તેથી વધુ વયની, ચૂંટણીના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાં કાઉન્ટીની રહેવાસી.

**ચેલેન્જર આ ન કરી શકે:**

- આમાંના કોઈપણ કારણસર મતદાતાને પડકારી ન શકે:
  - તેઓ વિચારતા હોય કે તેઓ જાણે છે કે મતદાર કેવી રીતે મતદાન કરશે.
  - મતદારની જાતિ અથવા વંશીય મૂળ.
  - મતદાતા કોઈ ચોક્કસ વોર્ડ, આવાસ સંકુલ અથવા પાલિકા અથવા કાઉન્ટીનો વિભાગમાં રહે છે

ઉપરના કોઈ પણ કારણો માટે ચેલેન્જરે મતદારને પડકારવો એ ફોજદારી ગુનો છે.

- ડિસ્ટ્રિક્ટ બોર્ડના વર્કરો સાથે બેસવું અથવા ચૂંટણી સામગ્રીને સ્પર્શ કરવો.
- મતદાનના સમય દરમિયાન મતદાન મશીન પર જવું.
- મતદારને સીધો પડકાર આપવો. ફક્ત ડિસ્ટ્રિક્ટ બોર્ડ મતદારને પ્રશ્નો પૂછી શકે છે.
- કોઈપણ ઝુંબેશ બટનો, સંકેતો અથવા ઝુંબેશનાં વસ્ત્રો પહેરવા.
- કોઈપણ મતદારોને પજવણી કરવી અથવા ધમકાવવા; અથવા મતદાન સ્થળે ધમાલ કરવી.
- મતદારને પડકારવો કારણ કે ડિસ્ટ્રીક્ટ બોર્ડ મતદારને તેના અથવા તેણીના નિવાસસ્થાનની ખાતરી આપવા માટે કહે છે, અથવા ઓળખ બતાવવા માટે મેઇલ દ્વારા પ્રથમ વખત નોંધણી કરનારને પૂછે છે.

## મતદાન સ્થળમાં પડકાર પ્રક્રિયા

- જો તમારા મત આપવાના અધિકારને પડકારવામાં આવે, તો બોર્ડ વર્કર્સ તમને ઓળખ માટે કહી શકે છે અને તમારે એફિડેવિટ પર સહી કરવી પડશે. ચેલેન્જેરે પણ એફિડેવિટમાં સહી કરવી પડશે.
- જો બોર્ડ વર્કર્સ પડકારને નકારી કાઢવા માટે મતદાન કરે અથવા પડકાર પર મત ટાઇ થાય, તો તમને મતદાન મશીન પર મત આપવાનો અધિકાર છે.
- જો બોર્ડ વર્કર્સ પડકારને સમર્થન આપવા માટે મત આપે, તો તમે મત આપી શકતા નથી પરંતુ તમને મત આપવા માટે કોર્ટના આદેશની વિનંતી કરવા માટે સુપિરિયર કોર્ટના ન્યાયાધીશ પાસે જવાનો અધિકાર છે. ન્યાયાધીશને મળવા ક્યાં જવાનું છે તે બોર્ડ વર્કર્સે તમને જણાવવાનું રહેશે.

## એક્ઝિટ પોલિંગ

**તે કાનૂની છે.** જ્યારે તમે મતદાન સ્થળ છોડતા હોય ત્યારે તમને તમારા મતદાન વિશે મીડિયા પ્રતિનિધિ દ્વારા પૂછવામાં આવે છે. તમારે કોઈ જવાબો આપવાની જરૂર નથી - તે તમારી પસંદગી છે.